૨૨, ફેબ્રુઆરી ૨૦૨૩






**MSME ડિપાર્ટમેન્ટ દ્વારા રાજકોટ ખાતે એરોસ્પેસ અને ડિફેન્સ સેકટરમાં વેપારની વિપુલ તકો અંગે MSME મેગા કોન્કલેવના અયોજનની તૈયારી માટે અધિકારીઓ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે... આ MSME મેગા કોન્કલેવનો ખાસ લાભ લેવા ઉદ્યોગકારોને અનુરોધ...**

ભારત સરકારના MSME ડિપાર્ટમેન્ટ અમદાવાદ દ્વારા આગામી તા.૨૪–૨–૨૦૨૩, શુક્રવારના રોજ સવારના ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી, સયાજી હોટેલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે એરોસ્પેસ અને ડિફેન્સ સેકટરમાં વેપારની વિપુલ તકો અંગે MSME મેગા કોન્કલેવનું કેન્દ્ર સરકારના સ્ટેટ MSME મંત્રીશ્રી ભાનુપ્રતાપ સિંઘવર્મા, MSME સેક્રેટરીશ્રી બી.બી. સ્વૈન તથા સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી રામભાઈ મોકરીયાની ખાસ ઉપસ્થિતમાં આયોજન કરવામાં આવેલ છે.

આ MSME મેગા કોન્કલેવ અંતર્ગત ઈન્ડીયન નેવી, એરફોર્સ, બ્રાહમોસ એરોસ્પેસ તિરૂવંતપુરમ, નેશનલ એરોન્યુટીકસ લી., SAC ISRO તેમજ સિધ્ધી એન્જી દ્વારા ડિફેન્સ અને એરોસ્પેસમાં MSME સેકટરમાં રહેલ તકો અંગે પ્રેઝન્ટેશન આપી માહિતગાર કરશે. સાથો સાથ MSME-DFO, DIC, SIDBI, NSIC, SRI-NSIC VENTURE CAPITAL FUND LTD., GeM, TreDS, BSE SME દ્વારા નવા યુગના ફાયનાન્સીયલ સોલ્યુશન અને માર્કેટીંગ તથા સરકારની વિવિધ યોજનાઓ અને પોલીસી અંગે પ્રેઝન્ટેશન આપી જાણકારી આપશે.

MSME મેગા કોન્કલેવની તૈયારીના ભાગરૂપે MSME અમદાવાદના જોઈન્ટ ડાયરેકટરશ્રી વિકાસ ગુપ્તા સાહેબ, MSME ડેપ્યુટી ડાયરેકટરશ્રી પી.એન. સોલંકી સાહેબ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદેદારોની મુલાકાત લઈ કાર્યક્રમ અંગે વિસ્તારપુર્વક ચર્ચા–વિચારણા કરવામાં આવેલ.

આ નિઃશુલ્ક MSME મેગા કોન્કલેવમાં મર્યાદીત સંખ્યા હોવાથી ભાગ લેવા માટે ફોન નં. ૦૨૮૧–૨૪૬૫૫૮૫ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ કોન્કલેવનો લાભ લેવા ઉદ્યોગકારોને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.